# <u>પ્રેસનોટ</u>

નગર રચના યોજના નં. ૮૭(ગભેની) ના આયોજન અંતર્ગત સદરહું વિસ્તારોમાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિકો / હિત સંબંધ ધરાવનારાઓ / જાહેર જનતાને નગરરચના યોજનાની સઘળી દરખાસ્તની વિસ્તૃત સમજ આપી તથા આયોજન અન્વનયે સુવિદિત કરાવી તેઓના અભિપ્રાય / સુચનો મેળવવા માટે પબ્લીક મીટીંગનું આયોજન કરવા મંજુરી આપવામાં આવેલ. જે અંતર્ગત આજ તા.૨૬/૦૬/૨૦૨૩ના રોજ પબ્લીક મીટીંગનું આયોજન સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા ધ્વારા મોજેઃ ગભેણી વિસ્તારમાં નગર રચના યોજના નં. ૮૭(ગભેની) બનાવાનો ઈરાદો નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૯/૨૦૨૨, તા.૧૫-૧૦-૨૨ થી જાહેર કરવામાં આવેલ. સદર સ્કીમ વિસ્તારમાં ટોપોગ્રાફિક સર્વે કરાવી તેને ડી.આઈ.એલ.આર.દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ રેકર્ડ, રેવન્યુ રેકર્ડ વિગેરેનો ઉંડાણપુર્વક અભ્યાસ કરી તેમજ સ્થળસ્થિતી, હાઇટેન્સન લાઇન, વોટરબોડી,કેનાલ, તળાવ અને કોતર વિગેરેનો અભ્યાસ કરી ટેકનીકલ લક્ષી તમામ પાસાઓને ચકાસી સ્કીમનું આયોજન પ્રજાભિમુખ મા. કમિશ્નરશ્રીના માર્ગદર્શનમાં કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાને સકારાત્મક અભિગમના આશયથી આયોજનમાં થયેલ જમીનમાલિકો તથા હિતસંબંધ ધરાવનારાઓ હાજર રહેલ અને તેમને સમજ આપેલ તથા તેઓશ્રી દ્વારા ઉપયોગી સુચન કરેલ છે.

સુરત મહાનગરપાલિકાના સાઉથ(ઉધના)-બી ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ **મોજેઃ ગભેણી**ની જમીનોને મંજુર વિકાસ નકશા-૨૦૩૫ મુજબ મહદઅંશે જનરલ ઇન્ડસ્ટ્રીઝયલ ઝોનમાં સ્થિત કરવામાં આવેલ છે. જે અતિ ઝડપથી વિકાસ પામી રહેલ વિસ્તાર છે. સદર વિસ્તારનું સુવ્યવસ્થિત આયોજન કરી આયોજનબધ્ધ વિકાસ કરી શકાય તથા યોગ્ય રોડ નેટવર્કનું આયોજન કરી અસરકારક કનેકટીવીટી પુરી પાડી શકાય તથા રહીશોને વિવિધ સુવિધાઓ પુરી પાડી શકાય તે હેતુસર ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ અને રૂલ્સ - ૧૯૭૯ની જોગવાઇ મુજબ મોજેઃ ગભેણીનો ૨૦૪.૧૦ **હેકટર** વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સદર નગર રચના યોજનાઓના આયોજનથી નગર રચના યોજના નં. ૮૭(ગભેણી) મળીને કુલ ૬૦ મી. ના ૦૨, ૩૬ મી. નો ૦૧, ૨૪ મી. ના ૦૪, ૧૮ મી. ના ૦૮ , ૧૨ મી. નો ૦૧ તથા ૦૯ મી. નાં ૦૩ નવા રસ્તાઓનો સમાવેશ થાય છે. જે પૈકી સ્કીમની પશ્ચિમ તરફે આવેલ ૬૦.૦૦ મી (ઉતર - દક્ષિણ) પહોળાઈના ડી.પી. રસ્તાને ટી.પી. રોડ તરીકે કાયમ રાખવામાં આવેલ છે. સદર રસ્તો ઉતરે બુડીયા , જીયાવ માંથી પસાર થઇ ૯૦.૦૦ મી. પહોળાઈના ડી.પી.રોડ (સચિન-મગદલ્લા- હાઈવે ને જોડતો લીંક રોડ બને છે. સદર સ્કિમની પૂર્વ-પશ્ચિમ ૩૬.૦૦ મી. પહોળાઇના રસ્તાનું આયોજન કરેલ છે, સદર રસ્તો સ્કીમની પૂર્વ તથા પશ્ચીમે આવેલ ૬૦.૦૦ મી. ડી.પી. રોડને જોડતો એક મહત્વનો રસ્તો બનશે. જેનાથી ભવિષ્યમાં થનાર વિકાસ અન્વયે ટ્રાફીકની સમસ્યાનું નિરાકરણ આવશે. નવા સ્કીમ વિસ્તારને લાગુ સચિન નોટિફાઇડ વિસ્તારની કનેક્ટીવીટી જાળવી રાખેલ છે તથા શહેરના લાગુ વિસ્તારમાં ભવિષ્યમાં કનેક્ટીવીટી વધારી શકાય તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

આમ સદર નગર રચના યોજના તથા તેને લાગુ વિસ્તારમાં યોગ્ય કનેકટીવીટી મળી રહે તથા સુચારૂ વાહનવ્યવહાર જળવાય અને તમામ મૂળખંડોને ટી.પી.રસ્તા પરથી એપ્રોચ મળે તે મુજબ વિવિધ પહોળાઇના રસ્તાઓનું/રોડ નેટવર્કનું આયોજન કરવામાં આવેલ છે. જેના પર પાણી, ગટર, સ્ટ્રીટ લાઇટ, સ્ટ્રોમ ડ્રેઇન જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાશે તથા પ્રજાલક્ષી કામોને વેગ મળશે.

સદરહું નગર રચના યોજના વિસ્તારોમાં અંદાજીત ૫૦૦ ચો.મી. થી ૬૦,૦૦૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા અનામત અંતિમખંડોનું આયોજન કરેલ છે. સદરહુ આયોજનથી વિવિધ જાહેર હેતુ માટેના અનામત અંતિમખંડો જેવા કે, પ્રાથમિક સુવિધાઓ માટે વોટર ડીસ્ટ્રી. સેન્ટર, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તથા જાહેર જનતાની સુવિધા હેતુસર પાર્કીંગ, ઓપન સ્પેસ, તેમજ સામાજીક તથા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે એસ.ઇ.ડબલ્યુ.એસ હેતુના પ્લોટોના આયોજન થવાથી જાહેર જનતા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાશે. નગર રચના યોજના વિસ્તારોમાં આયોજીત વિવિધ જાહેર હેતુ માટેના અનામત અંતિમખંડો પ્લોટો ટી.પી.સ્કીમની રૂએ સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થતા સદર પ્લોટોમાં નવા સમાવિષ્ટ સુરત શહેરના વિસ્તારોની જાહેર જનતાને વિવિધ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાશે.

સદરહુ યોજનામાં સમાવિષ્ટ તળાવ ને શકયત: યથાવત સ્થિતીમાં જાળવી આયોજન કરવામાં આવેલ છે. આમ, વિકાસની સાથો સાથ પર્યાવરણીય સુરક્ષા તથા સંવર્ધનને પણ યોજનાના આયોજનમાં પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

ડે.મ્યુ.કમિશ્નરશ્રી, ટાઉન પ્લારશ્રી તથા ટાઉન પ્લાનીંગ વિભાગના કર્મચારીની હાજરીમાં આજ તા.૨૬/૦૬/૨૦૨૩ના રોજ પબ્લીક મીટીંગનું આયોજન સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ કરવામાં આવેલ. જેમાં સદરહું વિસ્તારોમાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિકો / હિત સંબંધ ધરાવનારાઓ / જાહેર જનતા બહોળા પ્રમાણમાં હાજર રહેલ. જેઓને નગર રચના યોજનાની સઘળી દરખાસ્તની વિસ્તૃત સમજ આપી તથા આયોજન અન્વયે સુવિદિત કરાવવામાં આવેલ. લોકોને સ્કીમમાં અયોજન અંગેના તમામ પાસાઓની સમજણ આપવામાં આવેલ તથા તેમના સુચનો આપવા માટે જણાવવામાં આવેલ. જે અન્વયે તેઓનો ખુબજ સકારાત્મક પ્રતિસાદ મળેલ છે તથા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ અને રૂલ્સ-૧૯૭૯ની જોગવાઇ મુજબ રોડ અને અનામત અંતિમખંડો માટે કપાત થતી જમીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને આપવા પબ્લીક મીટીંગમાં હાજર રહેલ મહતમ જમીન માલિકો ધ્વારા સકારાત્મક અભિગમ દર્શાવેલ છે. વધુમાં, તેઓના અભિપ્રાય / સુચનો મેળવવા તેમજ તેને આયોજનમાં આમેજ કરવા, તદઅનુસાર આયોજનને વધુ સુવ્યવસ્થિત કરી નગર રચના યોજનાને લોકાભિમુખ બનાવવાની દિશામાં કામગીરી આગળ હાથ ધરેલ છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર રજુ**

**સમાચારયાદી નં. ૧૩૧**

**તા.૨૬/૦૬/૨૦૨૩**